મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંગે
સ્પષ્ટીકરણ / નવી જોગવાઈઓ કરવા
બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૨૨૦૨૨/૪૬૨/ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૮/૧૦/૨૦૨૨

વંચાણે લીધા :

૧. શિક્ષણ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૨. શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૩. શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૪. શિક્ષણ વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૫. શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૭૫૯/સ
૬. શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૦૬-(પાર્ટ-૧)-સ
૭. શિક્ષણવિભાગનો તા.૦૩/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૮. શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૯. શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
૧૦. શિક્ષણ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬(સમિતિ)/સ

**પ્રસ્તાવના:**

ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારને વિવિધ રજૂઆતો મળેલ હતી. રાજ્ય સરકારને મળેલ રજૂઆતોને ધ્યાને લઈ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને આવક (Merit cum Means)ના માપદંડોને ધ્યાને લઈ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને સમાન ધોરણે આર્થિક સહાય આપવા "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઠરાવથી લાગુ કરવામાં આવેલ છે. આ યોજના અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા વખતોવખત મળેલ રજૂઆતો તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ યોજના અંતર્ગત લાભો, સવલત મેળવવામાં સરળતા રહે તે હેતુ આ યોજનામાં વખતોવખત જરૂરી સુધારા-વધારાઓ કરવામાં આવેલ છે.

આ યોજના અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓની મળેલ રજૂઆતોને ધ્યાને લઈ આ યોજનાનો વધુમાં વધુ વિદ્યાર્થીઓને સરળતાથી લાભ મળે તે માટે વર્ષ ૨૦૧૫થી અમલમાં આવેલ આ યોજના અને

ત્યારબાદ વખતોવખત તેમાં થયેલ સુધારાઓ-વધારાઓ ધ્યાને લઈને યોજનાઓની જૂની જોગવાઈઓના સ્થાને નવી જોગવાઈઓ/સ્પષ્ટીકરણ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જૂની જોગવાઈઓના સ્થાને નીચે જણાવેલ નવી જોગવાઈઓ / સ્પષ્ટીકરણ બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | બાબત | નવી જોગવાઈ / સ્પષ્ટીકરણ |
|---|---|---|
| (૧) | આવકના પ્રમાણપત્ર બાબત | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના તા.૦૭/૧૦/૨૦૧૫ અને તા.૦૪/૦૬/૨૦૧૬ના ઠરાવ મુજબ મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/ ૧૦૨૦૨૦/૬૫૧૨૩૦/ગ મુજબ રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની મર્યાદા માટે જે તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબંધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકના પ્રમાણપત્રના આધારે જ આવક ધ્યાને લેવાની રહેશે. આ યોજનાનો લાભ લેવાની અરજી સાથે આવકના આધાર માટે ઈન્કમટેક્ષ રીટર્ન લેવાનો આગ્રહ રાખવાનો રહેશે નહિ. |
| (૨) | વિદ્યાર્થીની માર્કશીટમાં પર્સેન્ટાઈલ ન દર્શાવેલ હોય ત્યારે તે વિદ્યાર્થીના ગુણ જેટલા ગુણ ધરાવતા વિદ્યાર્થીના પર્સેન્ટાઈલ જેટલા પર્સેન્ટાઈલ ધ્યાને લેવા બાબત | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડના વિદ્યાર્થીઓની માર્કશીટમાં પર્સેન્ટાઈલ ન દર્શાવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કે જે તે અન્ય માન્ય બોર્ડમાંથી જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં ધોરણ-૧૦ કે ૧૨માં ૮૦ પર્સેન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ ગુણ સાથે આવા વિદ્યાર્થીના ગુણ સરખાવતાં જો તેના ગુણ સમાન કે તેથી વધુ થતા હોય તો તેવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| (૩) | વિદ્યાર્થીએ એક કરતા વધુ પ્રયત્ને સ્નાતક કક્ષાએ કોઈ સેમેસ્ટરમાં કોઈ પરીક્ષા પાસ કરેલ હોય ત્યારે | વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે વર્ષની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ મેળવી ઉત્તિર્ણ થવાનું રહેશે. જો કોઈ વિદ્યાર્થીને પરીક્ષામાં ATKT આવે તો તે પરીક્ષા પછીના પ્રથમ પ્રયાસમાં જ પાસ કરવાની રહેશે. આમ વિદ્યાર્થીને બે વખત એટલે કે એક મુખ્ય પરીક્ષામાં ATKT આવે તો પછીની પરીક્ષામાં એક પ્રયાસથી ATKTના વિષયોમાં પાસ થવાનું રહેશે. જો બે કે તેથી વધુ વખત ATKT આવે તો તે વર્ષ માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. પરંતુ ભારે બિમારી |

| ક્રમ | બાબત | નવી જોગવાઈ / સ્પષ્ટીકરણ |
|---|---|---|
| | | અથવા વાજબી કારણોસર પરીક્ષામાં નાપાસ થાય અને જો આ પરિસ્થિતિ અંગે શિક્ષણ વિભાગના તા.૦૯/૦૨/૨૦૨૨ના ઠરાવથી નિયત કરેલ સમિતિ સમક્ષ આધારભૂત પુરાવા રજૂ કરવામાં આવે તો પુરાવા ચકાસીને સમિતિ દ્વારા ખાસ કિસ્સા તરીકે મંજૂરી આપી શકાશે. |
| (૪) | ધોરણ ૧૦ પછીના ૬ વર્ષ ડ્યુઅલ ડિગ્રી(ડીપ્લોમા+ ડિગ્રી) ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને અન્ય ઈન્ટીગ્રેટેડ કોર્ષ સમકક્ષ સહાય આપવા બાબત | ૬ વર્ષ સુધીના ડ્યુઅલ ડિગ્રી (ડિપ્લોમા+ડિગ્રી) ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને,<br>**<u>પ્રથમ ૩ વર્ષ માટે:</u>**<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલ હોય તો આ યોજનાનો લાભ ડીપ્લોમા એન્જીનીયરીંગ સમકક્ષઆપવાનો રહેશે.<br>**ત્યારબાદના તે જ ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષના ૩ વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે:**<br>પ્રવેશ મેળવેલ ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષના શરૂઆતના ૩ વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમમાં ૬૫ ટકા કે તેથી વધુ મેળવે તો પછીના ૩ વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે આ યોજનાનો લાભ ડીપ્લોમા ટુ ડીગ્રી એન્જીનીયરીંગ સમકક્ષ આપવાનો રહેશે. |

૨. ઉક્ત નવી જોગવાઈઓ / સ્પષ્ટીકરણ આ ઠરાવ થયા તારીખથી લાગુ કરવાના રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૦.૧૦.૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.